પ્રકરણ 28

# શબ્દસમૂહ માટે એક શબ્દ

| | | |
|---|---|---|
| અશક્ત કે ઘરડાં ઢોરોને રાખવાનું ધર્માદા સ્થાન | – | પાંજરાપોળ |
| અનાજ ભરવાનું સ્થાન ; વખાર, ભંડાર | – | કોઠાર |
| અપેક્ષા વગર | – | નિરપેક્ષ |
| અનુરાગ કે સ્પૃહા વિનાનું | – | વિરક્ત |
| અભ્ર (વાદળાં) વગરનું | – | નિરભ્ર |
| અવાજ વગરનું | – | નીરવ |
| અઘટિત કામનો અયોગ્ય આરોપ | – | આળ |
| અલગ નહીં તેવું | – | અવિચ્છિન્ન |
| અવાજ વિનાના પગલે | – | નીરવપદ |
| અનાજ કે બીજી વસ્તુ ખાંડવાનું પાત્ર | – | ખાંડણિયું |
| અસ્ખલિત વહેતી વાણી | – | વાગ્ધારા |
| અમુક માણસો કે સંસ્થાવતી નિયુક્ત કરેલો માણસ | – | પ્રતિનિધિ |
| અધૂરો શ્લોક કે પંક્તિ પૂરી કરી આપવી તે | – | પાદપૂર્તિ |
| અમુક (મર્યાદિત) સ્થાનને લગતું | – | સ્થાનિક |
| અગાઉથી ભાવિનો વિચાર કરનારી બુદ્ધિ | – | અગમબુદ્ધિ |
| અગાઉથી ચાલી આવતી પરંપરા | – | રૂઢિ |
| અશુભ સમાચાર આપતો પત્ર | – | કાળોતરી |
| અરસપરસ કરેલી ચર્ચા–વિચારણા | – | મસલત |
| અનુગમન કરનારું : પાછળ જનારું | – | અનુગામી |
| અર્થ સમજવા અનુક્ત પદ અથવા પદનું ઉમેરણ | – | અધ્યાહાર |
| અંગરખા, બંડી વગેરેમાં એકબીજા પડને બાંધવા ટંકાતી દોરી | – | કસ |
| અંદર વહેનાર | – | અંતઃસ્રાવી |
| અંધારિયા પક્ષનો છેલ્લો દિવસ | – | અમાસ |
| અંગૂઠા પાસેની આંગળી | – | તર્જની |
| અંધકારરૂપી જાળ | – | તિમિરજાળ |
| અંદર ઊતરવાનાં પગથિયાં વાળો કૂવો | – | વાવ |
| અંદરની બાજુએ | – | માલીપા |

| | | |
|---|---|---|
| અંધકારથી વીંટળાયેલું | – | તમસાવૃત્ત |
| અંતિમ ઉપાય કે ઈલાજ | – | રામબાણ |
| આરપાર દેખાય એવું | – | પારદર્શિતા |
| આજુબાજુમાં વૃક્ષો વાવેલા હોય તેવી ગલી | – | કુંજગલી |
| આછી ધ્રુજારી, થડકો | – | સ્પંદન |
| આગળની વસ્તુ સાથેનું જોડાણ | – | અનુસંધાન |
| આવી ચડેલું, વગર નોતરે આવેલું | – | આગંતુક |
| આ એ જ વ્યકિત છે એવું પ્રમાણપત્ર | – | ઓળખપત્ર |
| આદિથી અંત સુધી | – | સાદ્યંત |
| આ લોક સંબંધી | – | ઐહિક |
| આકાશે ઊગતાં ફૂલ જેવું | – | આકાશ કુસુમવત્ |
| આગ્રહભરી વિનંતી | – | અનુરોધ |
| આગળ વધતાં પહેલાં પાછળ જોઈ લેવું | – | સિંહાવલોકન |
| આત્મામાં ડૂબકી મારવી તે : (આત્મચિંતન) | – | આત્મનિમજ્જન |
| આકાર વગરનું | – | નિરાકાર |
| આગળનો અડધો ભાગ | – | પૂર્વાર્ધ |
| આખા વિશ્વમાં વ્યાપી રહેલું | – | વિશ્વવ્યાપી |
| આરોપ મૂકયા બાબતનું લખાણ | – | તહોમતનામું |
| આત્મામાં સ્થિર થયેલું | – | આત્મસ્થ |
| આકર્ષક અને સુંદર ભેટ–સોગાત | – | નજરાણું |
| આડખલી કે વચ્ચે વિઘ્ન વિનાનું | – | નિષ્કંટક |
| આઠ આનાની કિંમતીનો ચલણી સિક્કો | – | અડધો |
| આયુષ્યના અમુક અમુક મુદતના ભાગ કે પેટા ભાગ | – | અવસ્થા |
| આ લોકમાં મળે નહિ તેવું | – | અલૌકિક |
| આવક તથા ખર્ચનો અડસટ્ટો | – | અંદાજપત્ર |
| આંતરિક ઉચાટ | – | અજંપો |
| આંખને ગમી જાય એવું | – | નયનગમ્ય |
| આંખની આગળ ખડું થઈ જાય તેવું | – | આબેહૂબ |
| આંખની પાંપણના મૂળ આગળ થતી ફોડલી | – | આંજણી |
| આંબલી વૃક્ષનું બીજ | – | કચૂકો |
| આંતરિક વલણો કે હૃદયના દૃષ્ટિકોણને બદલવું તે | – | હૃદયપલટો |
| આંખનો પલકારો | – | નિમિષ |
| આંખનો પલકારો માર્યા વિનાનું | – | અનિમિષ |
| આનંદ સાથે લેવાતું ભોજન | – | મિજબાની |
| આંગળીથી દર્શાવવાની ક્રિયા | – | અંગુલિનિર્દેશ |
| આંગળી ઉપરનો સાંધા આગળનો કાપો | – | વેઢ, વેઢો |
| એક પછી એક આવવું તે | – | ક્રમ/ અનુક્રમ |

| | | |
|---|---|---|
| એક એક દહાડાને આંતરે આવતો તાવ | – | એકાંતરિયો |
| **ઇન્દ્રિય વડે ન અનુભવી શકાય તેવું** | – | **અતીંદ્રિય** |
| ઇચ્છા અનુસાર ફળ આપનાર વૃક્ષ | – | કલ્પવૃક્ષ |
| **ઈશ્વરના ગુણગાન ગાવાનો ઉત્સવ** | – | **કીર્તન ઓચ્છવ** |
| ઈશ્વરમાં નહીં માનનાર | – | નાસ્તિક |
| **ઈચ્છા, સ્પૃહા કે ઝંખના કરવા યોગ્ય** | – | **સ્પૃહણીય** |
| ઉત્તમોત્તમ દશ્ય | – | દશ્યસાર |
| **ઉપકારના બદલામાં સામો ઉપકાર** | – | **પ્રત્યુપકાર** |
| ઉત્તર દિશામાં આવેલું | – | ઉદીચી |
| **ઉપર જણાવ્યા મુજબ** | – | **ઉપર્યુક્ત** |
| ઊતરાતા વર્ણની સ્ત્રી સાથેનું લગ્ન | – | અનુલોમ |
| **ઊંચો અવાજ** | – | **બુલંદ** |
| ઊલટ–સૂલટ થઈ જવું તે | – | વિપર્યય |
| **ઊંડું ધ્યાન, જેમાં ચિત્તના ભાવ શમી જાય છે.** | – | **સમાધિ** |
| એક રૂપિયાના 'સો 'મા ભાગનો તાંબાનો સિક્કો | – | દોકડો |
| **એક જૂનું ચલણ** | – | **કોડી** |
| એકબીજા સાથે વણાઈ ગયેલું | – | ઓતપ્રોત |
| **એક થઈ જવું તે / જોડાઈ જવું તે** | – | **સાયુજ્ય** |
| એક સાથે સો બાબત પર ધ્યાન આપી શકનાર | – | શતાવધાની |
| **એક સાથે સો બાબત પર ધ્યાન આપી કે સંભાળી યાદ રાખવાની શક્તિ** | – | **શતાવધાન** |
| એક છેડેથી બીજા છેડા સુધી પોલાણવાળી જગ્યામાંથી પસાર થનારું | – | સોંસરવું |
| **એક મનોવિકાર – વધુ પડતી બીક** | – | **ફોબિયા** |
| એક જ સમયમાં થઈ ગયેલું | – | સમકાલીન |
| **એક જ વાર ફળ આપનારી સ્ત્રી** | – | **કાકવંધ્યા** |
| એકની એક વાત વારંવાર કરવી તે | – | પિષ્ટપેષણ |
| **એક જ ભાષામાં કહેલી વસ્તુ બીજી ભાષામાં કહેવી તે** | – | **અનુવાદ** |
| એક ફેરે રંધાય કે તપાય એટલો જથ્થો | – | ઘાણ |
| **ઓળારૂપે આલેખાયેલું ચિત્ર** | – | **છાયાચિત્ર** |
| ઔષધ વગેરે કચરવાનો કે ઘૂંટવાનો ખાડાવાળો ઘડેલો પથ્થર | – | ખરલ, ખલ |
| **ઔષધિની સાથે લેવાતી મદદરૂપ વસ્તુ** | – | **અનુપાન** |
| કસબના ભરતવાળું | – | જરકસી |
| **કળા કારીગરીવાળો ઉદ્યોગ** | – | **હુન્નર** |
| કમળના રંગનું | – | અંબુજવરણ |
| **કમળ જેમ પાણીમાં રહે તેમ** | – | **જલકમલવત્** |
| કપાસ કે એરંડાની પાતળી સૂકી સોટી | – | સાંઠી |
| **કસવાળું કપડું, કસવાળી નાની ચોળી** | – | **કમખો** |
| કમરથી ઉપરના ભાગનું ચિત્ર | – | અરુણચિત્ર |

| | | |
|---|---|---|
| કદી પણ ન બની શકે તેવું | – | અશક્ય/ અસંભવિત |
| કમળમાંથી જન્મેલી | – | કમલોદ્ભવ, પદ્મજા |
| કચેરીમાંનો મુખ્ય કારકુન | – | શિરસ્તેદાર |
| કહેવા ધારેલું | – | વિવક્ષિત |
| કદી ક્ષીણ ન થાય તેવું | – | અક્ષય |
| કહીએ કંઈ અને કરે કંઈ એવું | – | અડબંગ |
| કશામાંથી ઉતારેલું લખાણ | – | ઉતારો |
| કંઈ પાકે નહિ તેવી જમીન | – | ઊખર |
| કાંડા ઉપર પહેરવાનું ઘરેણું | – | બેરખા–બેરખી |
| કાંઈ જોઈને તેમ કરવું તે | – | નકલ |
| કામ કરવાની રીત | – | કાર્યપ્રણાલી |
| કાને પહેરવાનું એક ઘરેણું | – | કુંડળ |
| કામ માટેનો બેઠકનો ઓરડો | – | દીવાનખાનું |
| કાયમી મુસાફરી કરનાર | – | ચિરપથિક |
| કામ કઢાવી લેવાની કળા | – | કુનેહ |
| કાર્યનું વિગતે નિવેદન | – | અહેવાલ |
| કાગળનો નાનો ટુકડો | – | ચબરખી |
| કુરાનનાં વાક્યો | – | આયાત |
| કુબેરના નવ ભંડાર, સર્વ પ્રકારની સમૃદ્ધિ | – | નવનિધ |
| કુતૂહલ જાગ્રત કરે એવી બુદ્ધિ | – | કૌતુકબુદ્ધિ |
| કુસ્તી કરવા માટે બનાવેલી જગા/ બાવાઓ રહેતા હોય તે જગા | – | અખાડો |
| કૂતરાં, ગાય, ભેંસ–પશુઓનાં અંગો પર બાઝતા જીવ | – | ગિંગોડો |
| કૂવામાંથી પાણી ખેંચવાનું દોરડું | – | વરત–વરતડી |
| કૂતરાને ખાવાનું નાખવા પથ્થરનું ખાડાવાળું સાધન | – | ચાટ |
| કેળવાયા વિનાનું | – | અણઘડ |
| કેડનો કંદોરો | – | કટિમેખલા |
| કોસની આગળના ભાગમાં પાણી કાઢવા માટેનું ગોળાકાર ચામડું | – | બોખ |
| કોઈના અવસાન પછી અપાતી શ્રદ્ધાપૂર્વકની અંજલિ | – | શ્રદ્ધાંજલિ |
| કોણીથી ખભા સુધીની ભુજા (બાહુ) | – | બાવડું |
| કોલસાની ખાણ | – | કોલિયાર |
| કોઈપણ પ્રકારના કોશમાં આવતો મુદ્દો | – | અધિકરણ |
| કોઈની પણ મદદ ન લે તે | – | સ્વાવલંબી |
| કોઈની મદદ વિના આડેધડ ચાલતો વહિવટ | – | અરાજકતા |
| કોઈપણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને તેની ચોતરફ ફરવું તે | – | પ્રદક્ષિણા |
| કોઈ ન જાણે તે રીતે વસવું તે. | – | અજ્ઞાતવાસ |
| કોઈને ખબર ન પડે તે રીતે અપાયેલુ દાન | – | ગુપ્તદાન |
| કોઈનું દુઃખ જોઈ દિલમાં થતી લાગણી | – | દિલસોજી |

| | | |
|---|---|---|
| કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી વસ્તુ, ભેટસોગાતની ચીજ | – | સંપેતરું |
| કિંમત ન કરી શકાય એવું | – | અમૂલ્ય |
| ખપ કરતાં ઓછો ખર્ચ કરનાર | – | કંજૂસ |
| ખપ કરતાં વધારે ખર્ચ કરનાર | – | ઉડાઉ |
| ખરાબ દશા હોવી તે | – | દુર્દશા |
| ખડ જેમ વગર ખેડે ઊગતું 'ધાન' (સામો, મણકી), ખેડયા કે વાવ્યા વિના થતું ધાન | – | ખડધાન |
| ખભાની નીચેનાં હાથના મૂળમાંનો ખાડો | – | કાખ |
| ખભે રાખવાનું વસ્ત્ર | – | ઉપરણું , ખેસ |
| ખસે નહિ એવું સ્થિર | – | અચર |
| ખાતાં ધરાય નહિ તેવું | – | અકરાંતિયુ |
| ખાટલાની તરફનો ઊભો દંડો | – | ઈસ |
| ખામી કે ખોડ વિનાનું | – | અનવદ્ય, સુંદર |
| ખાદ્ય ચીજવસ્તુ મટુકીમાં મૂકીને છતમાં લટકાવી શકાય એવું દોરીથી ગૂંથેલું ઝોળી જેવું સાધન | – | શીકું |
| ખાંડણિયામાં અનાજ ખાંડવા માટે વપરાતું લાકડાનું સાધન | – | સાંબેલું |
| ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી | – | લહાણી |
| ખૂબ બોલનારું જવાબ આપનારું | – | જિભાળુ , વાચાળ |
| ખૂબ સંતોષ | – | પરિતોષ |
| ખૂબ જ સંકુચિત દૃષ્ટિ ધરાવનાર | – | કૂપમંડૂક |
| ખૂબ મારથી હાડકાં નરમ થવા તે | – | અડદાળ |
| ખૂબ જ પૂછ પૂછ કરનાર | – | લપલપિયો |
| ખેતરની ચોમેર ખેડયા વિનાની છોડાતી પટ્ટી | – | શેઢો |
| ખોટી રીતે પડાવી લેવું | – | ઉચાપત |
| ખોટું કામ કર્યાની લાગણી | – | દોષભાવ |
| ખોટું અભિમાન કરનાર | – | મિથ્યાભિમાની |
| ખોબામાં સમાય તેટલું પાણી કે ફૂલ લઈ અર્પવાની ક્રિયા | – | અંજલિ |
| ખોટો ડોળ | – | આડંબર |
| ગતિ કરતો સમૂહ, સંઘ | – | કાફલો |
| ગળ્યો ભાત | – | બિરંજ |
| ગમે તેટલું નાનું સ્વરૂપ ધારણા કરવાની શકિત | – | અણિમા |
| ગમે તેટલા હલકાં થઈ જવાની એક સિદ્ધિ | – | લઘિમા |
| ગમે તેટલા ભારે થઈ જવાની એક સિદ્ધિ | – | ગરિમા |
| ગમે તેટલું મોટું સ્વરૂપ ધારણ કરવાની શકિત | – | મહિમા |
| ગળામાં પહેરવાનો સોના કે રૂપાનો દોરોલ | – | અછોડો |
| ગયેલો મંદવાડ પાછો આવે તે | – | ઊથલો |
| ગણતરી વગેરે હેતુઓ માટે એક અને આખી પૂર્ણ માનેલી વસ્તુ અથવા સમૂહ | – | એકમ/યૂનિટ |
| ગાયોનું ટોળું | – | ધણ |
| ગાય, ભેસ તેમજ અન્ય પ્રાણીઓના છાણ, મૂત્ર વગેરેને સાફ કરવાની પ્રક્રિયા | – | વાસીદું |

| | | |
|---|---|---|
| ગાયોના ચાલવાથી ઊડતી ધૂળ | – | ગોધૂલિ, ગોરજ |
| ગાયોનો સમૂહ | – | ગોધણ |
| ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ | – | ગલોફું |
| ગાય–બળદના ગળામાંથી નીકળતો એક જાતનો ભાંભરવાનો અવાજ | – | હીહોટો |
| ગામનાં ઢોર ઊભાં રહેવાની ભાગોળ પાસેની જગા | – | ગોંદરું |
| ગાડા ભાડે ફેરવનાર | – | અધવાયો |
| ગાડું હાંકનાર | – | ગાડીત |
| ગાય–બળદને ગળે બાંધવાનું દોરડું | – | અછોડો |
| ગાદી તકિયાની ખોળ | – | ગલેફ |
| ગામને પાદરે ઘેટાં–બકરાં રાખવાનું ભરવાડોનું ઠેકાણું | – | ઝોકડું |
| ગામનો વહીવટ કરનારી સંસ્થા | – | ગ્રામપંચાયત |
| ગાયની હત્યા કરનાર | – | ગોઝારો |
| ગામમાં સહુને બેસવાની જગ્યા | – | ચોરો |
| ગાય, ભેંસ આદિ પ્રાણીને હાંકતાં કરાતો અવાજ | – | ડચકારો |
| ગાઈ ન શકાય એવું | – | અગેય |
| ગુફા , કોતરની બે બાજુનો ખાંચો | – | ખોભણ |
| ગુરુ પાસેથી વ્રત, નિયમ કે મંત્ર લેવો તે | – | દીક્ષા |
| ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ | – | સાલિયાણું , વર્ષાસન |
| ગ્રહણ કે સ્વીકાર ન કરવા યોગ્ય | – | અગ્રાહ્ય |
| ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ | – | કક્ષા |
| ઘરની પાછળ આંતરેલી ખુલ્લી જગા | – | વાડો |
| ઘરનો આગળનો ભાગ | – | પડસાળ , ઓસરી |
| ઘરની પાછલી દીવાલ | – | પછીત |
| ઘરની બાજુની દીવાલ | – | કરો |
| ઘર આગળની ઊંચી બેઠક | – | માંડવી રવેશ |
| ઘરને લગતો સરસમાન | – | ઘરવખરી , રાચરચીલું |
| ઘર આગળની બાંધેલી–બારણાવાળી છૂટી જગા | – | ખડકી , ડેલી |
| ઘણો પોકાર કરવા છતાં કોઈ ન સાભળે તેવું રુદન | – | અરણ્યરુદન |
| ઘરડું ન થાય તેવું | – | અજર |
| ઘરડું પણ ન થાય કે મરે પણ નહિ તેવું | – | અજરામર |
| ઘર જેવા સંબંધવાળુ | – | ઘરવટ |
| ઘણી ઓછી લંબાઈ– પહોળાઈની નાનકડી જાડી ચોપડી | – | ગુટકો |
| ઘરે ઘરે ભીખ માગવી | – | માધુકરી |
| ઘરના મુખ્ય બારણા અને નેવાં સુધીનો ખુલ્લો ભાગ | – | પરસાળ |
| ઘરના મુખ્ય ઓરડાની બાજુની ઓરડી | – | ગજાર |
| ઘટતી કિંમત કરવી તે | – | કદર |
| ઘાસના પૂળા | – | પૂળકા |

| | | |
|---|---|---|
| ઘાસ કે લાકડાં વગેરેને એકત્ર કરી ઉપાડી શકાય એટલા જથ્થામાં બાંધેલું | – | ભારો |
| ઘાતકી કર્મો કરનાર | – | અઘોરકર્મી |
| ઘી પીરસવાની ઝારી | – | વાઢી |
| ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું | – | કૂબો |
| ઘૂમરી લઈ વાતો ભારે પવન | – | ચક્રવાત , વંટોળ |
| ઘૂઘવતા સાગરનો અવાજ | – | સાગરઘોષ |
| ઘેરવાળું ઘૂંટણથી પગ નીચે પહોંચતું અગરખું | – | જામો |
| ઘોડે સવાર જેમાં પગ રાખે છે તે કડા | – | પેંગડાં |
| ઘોડાની પીઠ ઉપર મુકાતી બેઠક | – | પલાણ |
| ઘોડા પર સવાર થનારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું ઊનનું આસન | – | દળી |
| ઘોડાના પેટ ફરતો તાણીને બાંધેલો પટ્ટો | – | તંગ |
| ઘોડા, બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ | – | જોગાણ |
| ચલણી સિક્કા પાડવાનું કારખાનું | – | ટંકશાળ |
| ચંદ્રની વધતી જતી કળાવાળું પખવાડિયું | – | અજવાળિયું/ શુકલપક્ષ |
| ચાર માસનો સમૂહ (દેવપોઢી થી દેવઊઠી અગિયારસનો સમય) | – | ચાતુર્માસ |
| ચાસમાં બી નાંખી તે ઢાંકવા ઉપર ફેરવવામાં આવતું લાંબું પાટિયું | – | સમાર |
| ચાર આનીનો જૂનો સિક્કો | – | પાવલી |
| ચિત્તને આકર્ષે તેવું | – | ચિત્તાકર્ષક |
| ચોક્કસ ધ્યેયને વરેલો | – | પ્રતિબદ્ધ |
| ચોપડામાં નોંધ્યા વિનાનું | – | ઉભડક |
| ચોવીસ મિનિટનો સમય | – | ઘડી |
| ચોવીસ તસુનું માપ , લંબાઈ | – | ગજ |
| છતનું રંગબેરંગી કપડું | – | ચંદરવો |
| છાસની અંદર ઘઉંનું થૂલું (ભરડેલું ધાન)નાંખીને રાંધેલી વાનગી | – | બોળો |
| છાપરાનો મોભવાળો ભાગ | – | મોભારો |
| છાપરાના છેડા ઉપરનાં નળિયા જેમાંથી પાણી નીચે બહાર પડે છે તે | – | નેવાં, નેવું |
| છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું | – | મોભ |
| છાપાને ખબર મોકલનાર | – | સંવાદદાતા, ખબરપત્રી |
| છાપરાના નળિયા વ્યવસ્થિત કરનાર | – | સંચારો |
| છેક દુર્દશામાં આવી પડેલું | – | પાયમાલ |
| છોડને પાણી સીંચવું તે | – | ટોયામણ |
| છોકરાં છૈયાંવાળું | – | બચરવાળ વસ્તારી |
| જમીન ઉપર કે પર્વતમાં કુદરતી રીતે પાણીથી કોતરાઈને બનેલો ગુફા જેવો ભાગ | – | કોતર |
| જરૂરી ખર્ચ જ કરવું – થવા દેવું તે | – | કરકસર |
| જરાવારમાં નાશ પામે તેવું | – | ક્ષણભંગુર |
| જરૂર પૂરતું જ ખાનાર | – | મિતાહારી |
| જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ | – | કિનખાબ |

| | | |
|---|---|---|
| જરીના કસબવાળું | – | જરિયન |
| જરૂરિયાત કરતા વધારે વાપરવું તે ચોરી છે તેમ માની તેનું પાલન કરવું | – | અસ્તેય |
| જમીન પર ઘસડાઈને ચાલતા જીવો | – | સરીસૃપો |
| જળાશયની નજીક | – | જલોપકંઠ |
| જમ્યા પછી થોડી વાર ડબે પડખે સૂવું તે | – | વામકુક્ષિ |
| જન્મથી જ પૈસાદાર | – | ગર્ભશ્રીમંત |
| જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો | – | અખાત |
| જંગલમાં વસનારા લોકો | – | આરણ્યક |
| જાગૃતિ અને નિદ્રા વચ્ચેની અવસ્થા | – | તંદ્રા |
| જુદું પાડનારું | – | વ્યાવર્તક |
| જુદા રંગના લોકો પ્રત્યેનો દ્વેષ | – | રંગદ્વેષ |
| જૂની લાકડાની પેટી | – | ઈસ્કોતરો |
| જીવના જોખમે દરિયામાંથી મોતી કાઢનાર | – | મરજીવિયા |
| જીવન નિર્વાહની કામગીરી | – | આજીવિકા |
| જીવાત્મા અને પરમાત્મા એક જ છે એવો વાદ | – | અદ્વૈતવાદ |
| જીવમાત્ર પ્રત્યે એકાત્મકતા, સરખાપણું | – | સમરસતા |
| જીર્ણ થયેલાને સમરાવવું તે | – | જીર્ણોદ્ધાર |
| જીતવું મુશ્કેલ હોય એવું | – | દુર્જેય , અજેય |
| જીવાત્મા અને પરમાત્માની એકતા | – | અદ્વૈત |
| જેનો પતિ મૃત્યુ પામ્યો છે તેવી સ્ત્રી | – | વિધવા |
| જેનામાં કોઈ રોગ નથી તે | – | નીરોગી |
| જેની કઈ સંભાળ રાખનાર નથી તે | – | અનાથ |
| જેની પત્ની મરણ પામી હોય છે તેવો પુરુષ | – | વિધુર |
| જેમાં ફેરફાર ન થાય તેવું | – | અવિકારી |
| જોર જોરથી હસવું | – | અટ્ટહાસ્ય |
| જોતાં નવાઈ ઉપજે એવું | – | અજબ |
| જેની બુદ્ધિ સ્થિર છે એવો જ્ઞાની | – | સ્થિતપ્રજ્ઞ |
| જે દોરામાં મણકાં, મોતી વગેરે પરોવ્યા હોય તેવી માળા | – | સેર |
| જે ડગે નહિ તેવું | – | અડગ |
| જેમાં સમયની મર્યાદા ન હોય તેવું | – | નિરવધિ |
| જેની ઉપમા ન આપી શકાય તેવું | – | અનુપમ |
| જેનો અંત નથી તે | – | અનંત |
| જેનો કોઈ શત્રુ નથી તે | – | અજાતશત્રુ |
| જેના પર તહોમત મૂકાયું હોય તે | – | અરોપી/ પ્રતિવાદ |
| જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ એવું વાસણ | – | અક્ષયપાત્ર |
| જેને પ્રતિષ્ઠા મળેલી છે તેવું | – | લબ્ધપ્રતિષ્ઠ |
| જેનું મન બીજે ઠેકાણે હોય તેવું | – | અન્યમનસ્ક |

| | |
|---|---|
| જેનું એક પણ સંતાન મરણ ન પામ્યું હોય તેવી સ્ત્રી | – અખોવન |
| જેનું કૌમાર્ય ખંડિત થયું નથી તેવી સ્ત્રી | – અક્ષતયોનિ |
| જેનો માર્ગ કલ્યાણકારી હોય તેવો | – ભદ્રમાર્ગી |
| જેમાંથી અગ્નિ વરસે તેવું બાણ | – અગ્ન્યસ્ત્ર |
| જેની ત્રણ બાજુ પાણી હોય તેવી જમીન | – દ્વીપકલ્પ |
| જેની આરપાર જોઈ ન શકાય તેવું | – અપારદર્શક |
| જેમાં ચર્ચાને સ્થાન હોય તેવું | – ચર્ચાસ્પદ |
| જેનું નામ લેવું પવિત્ર ગણાય તે | – પુણ્યશ્લોક |
| જેનો નાશ ન થાય તેવું | – અવિનાશી |
| જેનો પતિ પરદેશ ગયેલ હોય તેવી સ્ત્રી | – પ્રોષિતભર્તૃકા |
| જેની ઈચ્છા ન રાખી હોય તેવું | – અનપેક્ષિત |
| જેની ઉપેક્ષા ન કરવી ઘટે કે ન કરાય તેવું | – અનુપેક્ષ્ય |
| જેની ભુજાઓ ઘૂંટણને અડે છે તે | – આજાનુબાહુ |
| જેને ઔરસ (સગો) દીકરો ન હોય તેવું | – અનૌરસ |
| જેમાં શરીર પર ઓછી ફોલ્લી નીકળતી હોય એવા રોગ | – અછબડા |
| જૈન તપસ્વીઓનું રહેવાનું સ્થળ | – અપાસરો/ઉપાશ્રય |
| જ્યાં ગાયો ઊભી રહેતી હોય તેવું ગામનું પાદર :ભાગોળ | – ગોંદરું |
| જ્યાં ન જઈ શકાય તેવું | – અગમ્ય |
| ઝટ ન ઉકેલી શકે તેવો પ્રશ્ન | – કોયડો |
| ઝઘડાની પતાવટ માટે બંને પક્ષે સ્વીકારેલી નિષ્પક્ષ વ્યક્તિ | – લવાદ |
| ઝઝૂમી રહેલાં વાદળોનો સમૂહ | – કાદંબિની |
| ઝાડની છાલનું વસ્ત્ર | – વલ્કલ |
| ઝાડની આસપાસ કરેલી નાની વાડ | – વાડોલિયું |
| ઝાડ અથવા વેલાનાં પાદડાંથી થયેલી ઘટા | – કુંજ |
| ઝૂલવાનો હિંચકો | – હિંડોળાખાટ |
| ટચલી આંગળી પાસેની આંગળી | – અનામિકા |
| ટીખળ સૂચવતાં ચિત્રો | – ઠઠ્ઠાચિત્રો |
| ટાળી ન શકાય એવું | – અપરિહાર્ય |
| ઠરાવેલી શરત પ્રમાણે કોઈ હક્કનો એકહથ્થુ ભોગવટો | – ઈજારો |
| ડાબા–જમણા બંને હાથે બાણ ફેંકી શકે તેવો | – સવ્યસાચી |
| ઢીલાપોચા મનવાળું | – દોરંગું |
| ઢોરના નીરાણ માટે આડું લાકડું રાખી કરેલી જગ્યા | – કોઢ , કોઢાર, ગમાણ |
| ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ | – હવાડો |
| ઢોરે ખાવા માટે એની આગળ મૂકેલો ચારો | – ઓગાઠ |
| તર્ક દ્વારા કોઈ વસ્તુનો નિર્ણય કરવું તે | – અનુમાન |
| તંતુઓ વડે વગાડાતું વાજિંત્ર | – તંતુવાદ્ય |
| તાલમેલથી સાથે કાર્ય કરવું, એક બીજાને સહકાર આપવો | – જુગલબંધી |

| | |
|---|---|
| તારાઓનો સમૂહ | તારકવૃંદ |
| તાકીદની સખત ઉઘરાણી | તકાજો |
| તુલસીની જાતનો એક ઉગ્ર ગંધવાળો એક છોડ | ડમરો, મરવો |
| તિરસ્કાર પામેલું | બહિષ્કૃત |
| તિથિ નક્કી કર્યા વગર આવનાર | અતિથિ |
| ત્યજવા યોગ્ય | વર્જ્ય |
| ત્રણ કલાકનો સમયગાળો | પ્રહર |
| ત્રણેયકાળનું જ્ઞાન ધરાવનાર | ત્રિકાળજ્ઞાની |
| ત્રણ પ્રકારના બૌદ્ધ ગ્રંથનો સમૂહ | ત્રિપિટક |
| ત્રણ ફૂટ જેટલું માપ | વાર |
| થાક લાગે કે કંટાળો ઊપજે એવું કામ | વૈતરું |
| થાપ્યા વગરનાં ; રસ્તામાં પડીને સૂકાઈ ગયેલાં છાણાં | અડાયાં |
| દહીં વલોવવાનું સાધન | વલોણું, રવૈયો |
| દહીદૂધ રાખવાનું માટીનું વાસણ | ગોરસી |
| દસ વર્ષનો સમયગાળો | દાયકો/દસકો |
| દર ત્રીજે દિવસે આવતું | એકાંતર |
| દરરોજના કામની નોંધપોથી | રોજનીશી |
| દરેક વસ્તુમાં સારું પરિણામ જોનાર | આશાવાદી |
| દરેક વસ્તુમાં ખોટું પરિણામ જોનાર | નિરાશાવાદી |
| દર બે માસે પ્રગટ થતું સામાયિક | દ્વૈમાસિક |
| દર અઠવાડિયે પ્રગટ થતું સામાયિક | સાપ્તાહિક |
| દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર | અઠવાડિક |
| દિશાઓમાં રક્ષણ કરતાં કલ્પિત હાથી | દિગ્ગજ |
| દિવસનો મધ્યભાગ | મધ્યાહ્ન |
| દિવસમાં એક ટાણાનું જ અશન કરવું તે | એકાશણ |
| દીન–ભૂખ્યાને રોજ અન્ન આપવાનું વ્રત / જ્યાં તેમને રોજ અન્ન અપાય છે તે સ્થળ | સદાવ્રત |
| દીર્ઘ આયુષ્યવાળો | ચિરાયુ |
| દુઃખની તીવ્ર લાગણી | આઘાત |
| દુઃખનો પોકાર | આર્તનાદ |
| દૂધે બાંધીને બનાવેલી રોટલી | દશમી |
| દૂર સુધી જાય એવું | દૂરગામી |
| દૂરથી ફેંકવાનું હથિયાર | અસ્ત્ર |
| દેશ પ્રત્યે બેવફાઈ | દેશદ્રોહ |
| દેવને ધરાવેલી ખાવાની વસ્તુ | નૈવેદ્ય , પ્રસાદ |
| દેખાતું બંધ થઈ જવું તે | અદશ્ય |
| દોરાનો ટાંકો | બખિયો |
| ધનુષ્યના આકારની મકાનની રચના | કમાન |

| | | |
|---|---|---|
| ધનુષની દોરી | – | પણછ |
| **ધર્મની બાબતમાં અવિચારી આગ્રહવાળું** | – | **ધર્માંધ** |
| ધારેલા નિશાનને તોડી પાડવું તે | – | લક્ષ્યવેધ |
| **ધારેલું નિશાન પાર પાડનાર** | – | **લક્ષ્યવેધી** |
| ધાર્મિક ગ્રંથ કે સ્તોત્ર વગેરેનું રોજનું | – | પાઠ |
| **ધ્યાનમાં બેઠેલું** | – | **ધ્યાનસ્થ** |
| નદીકાંઠાનો ખડક કે માટી વગેરેની ઊભી કરાડ | – | ભેખડ |
| **નવું ફૂટતું પાંદડું** | – | **કૂંપળ** |
| નદીની કાંકરાવાળી જાડી રેતી | – | વેકુર |
| **નવો ફણગો** | – | **નવાંકુર** |
| નવાઈનો બનાવ , અપેક્ષિત ન હોય તેવી વાત | – | ગતકડું |
| **નદીનો ઊંડાણવાળો ભાગ** | – | **ધૂનો** |
| નદીકાંઠાની કાંપવાળી અને રેતાળ જમીન | – | ભાઠું |
| **નફા–ખોટનો હિસાબ** | – | **સરવૈયું** |
| નહિ પદ્ય ; નહિ ગદ્ય | – | અપદ્યાગદ્ય |
| **ન ખાવા જેવું કે ન ખાઈ શકાય તેવું** | – | **અખાજ/અખાદ્ય** |
| નાણાંની આપ–લે માટેની ચિઠ્ઠી | – | હૂંડી |
| **નાનો માળ** | – | **મેડી** |
| નાકે પહેરવાનું સ્ત્રીનું ઘરેણું | – | કાંટો |
| **નાટકની ભજવણી માટેનું સ્થાન** | – | **રંગમંચ** |
| નાની દુકાન | – | હાટડી |
| **નિરાધાર બાળકોને રહેવાનું સ્થળ** | – | **અનાથાશ્રમ** |
| નિવારી ન શકાય એવું | – | અનિવાર્ય |
| **નીલા રંગના રત્ન જેવી શોભાવાળી** | – | **નીલિમા** |
| નોકરીમાંથી દૂર થવા માટેની રાજીખુશી દર્શાવતું લખાણ | – | રાજીનામું |
| **ન કળી શકાય એવું અગમ્ય** | – | **અકળ** |
| ન કલ્પી શકાય એવું | – | અકલ્પ્ય |
| **પરણતી વખતે કન્યાને પહેરવાનું વસ્ત્ર** | – | **પાનેતર** |
| પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધેલું કપડું | – | સઢ |
| **પતિ સાથે રહી જીવનની ફરજો બજાવતી પત્ની** | – | **સહધર્મચારિણી** |
| પરિવાર જેવો સંબંધ | – | ઘરોબો |
| **પગે કે કપાળે કરવામાં આવતી કંકુની અર્ચા** | – | **પિયળ** |
| પગ મૂકી શકાય નહીં એવું | – | અગોચર |
| **પરસ્પર સંબંધ કે મેળ** | – | **સમન્વય** |
| પરાણે કરાવવામાં આવતું કામ | – | વૈતરું |
| **પક્ષપાત રહિત છે તે** | – | **તટસ્થ** |
| પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું | – | મુખ મોરડો |

| | |
|---|---|
| પગની આંગળીનું ઘરેણું | વીંછિયા |
| પરિચય આપનારું | પરિચાયક |
| પવન સાથે પડતો વરસાદ | ઝંઝા |
| પતિને મળવાને અત્યંત આતુર સ્ત્રી | ઉત્કંઠિતા |
| પક્ષીઓને દાણા ચણવાની જગ્યા | ચબૂતરો |
| પથ્થર ઉપર કોતરેલો લેખ | શિલાલેખ |
| પશુનો અવાજ | ભાંભરડાં |
| પછીથી અધિકાર પર આવનારું | ઉત્તરાધિકારી |
| પહેરેલા વસ્ત્ર ઉપર ઓઢવાનું ઉપલું વસ્ત્ર | ઉત્તરીય, ખેસ |
| પથ્થર પર કોતરેલો લેખ | શિલાલેખ |
| પતિને સ્વાધીન રાખનારી સ્ત્રી | સ્વાધીનપતિકા |
| પચાસ વર્ષ પૂરાં થયે ઉજવાતો ઉત્સવ | સુવર્ણ મહોત્સવ |
| પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી સ્ત્રી | કલહાન્તરિતા |
| પતિ હયાત હોય એવી સ્ત્રી | સૌભાગ્યવતી , સધવા |
| પરસેવાનું ટીપું | સ્વેદબિંદુ |
| પતિએ ત્યજી દીધેલી સ્ત્રી | ત્યકતા |
| પહેલાં થઈ ગયેલું | પુરોગામી |
| પહેલાં કદી ન બન્યું હોય તેવું | અભૂતપૂર્વ |
| પદ પરથી દૂર થયેલું | પદભ્રષ્ટ |
| પદોનો પરસ્પર યોગ્ય સંબંધ કે જોડાણ | અન્વય |
| પગાર લીધા વિના સેવા ખાતર કામ કરનાર | માનાર્હ |
| પક્ષપાત વગરનું | નિષ્પક્ષ |
| પચ્ચીસ વર્ષ પૂરાં થયે ઉજવાતો ઉત્સવ | રજત મહોત્સવ / જયંતી |
| પહેલી વાર સાસરે જતા વર સાથે જતો સાથીદાર | અણવર |
| પંદર દિવસમાં એકવાર પ્રગટ થનાર | પાક્ષિક |
| પંખીઓને બિવરાવવા માટે કરેલો માણસ જેવો આકાર | ચાડિયો |
| પંચ સમક્ષ કરેલી તપાસણીની નોંધ | પંચનામું |
| પારકાના હિત માટે કાર્ય કરવું | પરમાર્થ |
| પારસી લોકોનું ધર્મસ્થાન | અગિયારી |
| પાણી કે ખોરાકનું શ્વાસનળીમાં પેસી જવું | અંતરસ |
| પાછળ ચાલનાર | અનુચર |
| પાણીમાં ઘોળેલું અફીણ | કસૂંબો |
| પારકી વસ્તુની ઉઠાંતરી કરનાર | ઉઠાવગીર |
| પાઘડી કે ફેંટા પરનું છોગું, કલગી | શિરપેચ |
| પાછળથી બુદ્ધિ સૂઝે તેવું | પશ્ચમબુદ્ધિ |
| પાછળ પાછળ જવું કે ઉપદેશ પ્રમાણે વર્તવું | અનુસરણ |
| પાપના નિવારણ માટેનું તપ | પ્રાયશ્ચિત |

| | | |
|---|---|---|
| પાણી ભરેલા વાસણો મૂકવાની ખામણાવાળી જગ્યા | – | પાણિયારું |
| પાણી ભરવાનું ચામડામાંથી બનાવેલું કોથળી જેવું સાધન | – | મશક, બોક |
| પાણી વિનાની રેતાળ જમીન | – | મરુભૂમિ |
| પાંદડાનો વાયુજન્ય અવાજ | – | મર્મર |
| પાંચેય ઈન્દ્રિયો પર અંકુશ રાખવો તે | – | બ્રહ્મચર્ય |
| પાંદડાંનો ધીમો અવાજ | – | પર્ણમર્મર |
| પીડિતનું રક્ષણ | – | આર્ત્તત્રાણ |
| પીળા રંગનું એક રત્ન | – | પોખરાજ |
| પુરુષ સંબંધી | – | પૌરુષેય |
| પુષ્પાદિક સુગંધીદાર પદાર્થનો અર્ક | – | અત્તર |
| પૂર્વ તરફના મોંવાળું | – | પૂર્વાભિમુખ |
| પૃથ્વી આકાશ સાથે દેખાતી હોય તેવી કલ્પિત રેખા | – | ક્ષિતિજ |
| પૃથ્વી પરની કલ્પિત આડી રેખા | – | અક્ષાંશ |
| પૃથ્વી પરની કલ્પિત ઊભી રેખા | – | રેખાંશ |
| પૃથ્વીનું આભૂષણ હોય એવી | – | વસુધાવતંસા |
| પેઢીનો મુખ્ય હિસાબનીશ | – | મુનશી |
| પૈસા આપવાથી તૈયાર ભોજન મળે તે જગા | – | વીશી |
| પૈસા આપ્યા વિના/ નામે લખાવીને | – | ઉધાર |
| પોતાના ઉપર જ આધાર રાખનારું, સ્વાશ્રયી | – | સ્વાવલંબી , સ્વાશ્રયી |
| પોતાપણાનું ભાન (હું છું એવો ભાવ) | – | અસ્મિતા |
| પોતાની જાત જોડે વાત કરવી તે | – | આત્મસંભાષણ |
| પોતાની જાત સામાને તાબે કરી દેવી તે | – | આત્મસમર્પણ |
| પોતાને હાથે લખાયેલો પોતાનો વૃત્તાંત | – | આત્મવૃત્તાંત , આત્મકથા |
| પોતાના વખાણ પોતે જ કરવા તે | – | આત્મશ્લાઘા |
| પોતાની જાત સાથેની છેતરપીંડી | – | આત્મવંચના |
| પોતાની જાતે સેવા આપવા તત્પર | – | સ્વયં સેવક |
| પોતાના તરફથી કામ કરવાની સત્તા આપતો પત્ર | – | મુખત્યારનામું |
| પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે | – | વદતોવ્યાઘાત |
| પ્રભાવની અસરમાં આવેલું | – | પ્રભાવિત |
| પ્રશંસાની કવિતા કે લેખ | – | પ્રશસ્તિ |
| પ્રવાહની મધ્યધારા | – | મઝધાર |
| પ્રિયતમે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી સ્ત્રી | – | વિપ્રલબ્ધા |
| પ્રેમીના આગમનની રાહ જોઈ વસ્ત્રાભૂષણ પહેરી ઘર સજાવી પ્રિયતમની પ્રતીક્ષા કરતી સ્ત્રી | – | વાસકસજ્જા |
| પ્રાણીઓ મુક્ત રીતે વિહરી શકે તેવું જંગલ | – | અભયારણ્ય |
| પ્રાપ્ત ન થઈ શકે તેવું | – | અપ્રાપ્ય |
| પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી | – | વિધાત્રી |
| ફરીથી જોઈ જવું તે | – | પુનરાવલોકન |

| | |
|---|---|
| ફાડયા વિનાના લાંબા લૂગડાનું થાન | તાકો |
| ફીકું પડી ગયેલ | મ્લાન , ઉદાસ |
| ફૂલની કળીઓનું ઝૂમખું | મંજરી |
| ફેંટાના છેડા પર બાંધવામાં આવતું કસબી લૂંગડું | મોળીડું |
| બળદની ભૂંસળી મુકાય છે તે ખભાનો ભાગ | કાંધ |
| બળદ દ્વારા કૂવામાંથી પાણી ખેંચવાનું ચામડાનું કે લોખંડનું પાત્ર | કોસ |
| બધાં સાથે હળીમળી જાય તેવું | મિલનસાર ,મળતાવડું |
| બધી પરિસ્થિતિનું ઉપરથી કરેલું અવલોકન | વિહંગાલોકન |
| બહુ વખતથી વપરાયા વગરનું | અવાવરું |
| બરફથી ઢંકાયેલું | હિમાચ્છાદિત |
| બરાબર–સારી રીતે જોડાયેલું | અનુસ્યૂત |
| બધી જાતની માહિતીનો સંગ્રહ ધરાવતો ગ્રંથ | જ્ઞાનકોશ |
| બહાદુર સ્ત્રી | વીરાંગના |
| બગલા જેવો દંભી ભગત | બગભગત |
| બગાડની પરવા વિશેષ ખર્ચાળપણું | ઉડાઉપણું |
| બહુ વખતથી વપરાયા વિનાનું | અવાવરું |
| બકરાનાં ગળે લટકતો આંચળ | અજાગલસ્તન |
| બળદોને હાંકવાની વાંસની લાકડી | પરોણી |
| બળતણનું લાકડું | ઈંધણ |
| બહાર નીકળવું કે પ્રગટવું તે | આવિર્ભાવ |
| બંદૂક કે તોપના દારૂને સળગાવવા માટેની કાકડી–પલીતો | જામગરી |
| બંને હાથને કોણીથી વાળી કરાતી એક મુદ્રા | અદબ |
| બારસાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો | ટોડલો |
| બાળકોની ટોળી | ટિંગર |
| બારણું બંધ રાખવાનું આડું લાકડું કે લોખંડની પટ્ટી | ભોગળ |
| બારસાખના ઉપલા લાકડાનો આગળ રહેતો છેડો | ટોડલો |
| બારણું બંધ રાખવાનું આડું લાકડું કે લોખંડની પટ્ટી | ભોગળ |
| બાંગનો પોકાર | અજાન , અઝાન |
| બાંધકામ ઈત્યાદિની યોજના કરનાર નિષ્ણાંત | ઈજનેર |
| બીજાના દોષ શોધનારું | છિદ્રાન્વેષી |
| બીજ ઓરવાનું સાધન | વાવણિયો |
| બુદ્ધિ ઉપર ગુજારો કરનાર | બુદ્ધિજીવી |
| બે ઘરની પાછળના ભાગે છોડેલી જગ્યા | નવેરી |
| બે પર્વતની કે ડુંગરાની વચ્ચેનો સાંકડો રસ્તો | ઘાંટી |
| બે ભાષા જાણનાર, એક ભાષાનો (અર્થ) બીજી ભાષામાં કહેનાર | દુભાષિયો |
| બે મોટા સમુદ્રને જોડનારી ખાડી | સામુદ્રધુની |
| બે છેડે વળેલો ધાતુનો કડી જેવો સળિયો | અંકોડો/આંકડો |

| | | |
|---|---|---|
| બેચેની ભરી શાંતિ | – | સન્નાટો |
| બેઠા ઘાટની નાની લોટી | – | ટબૂડી |
| બોલાવવા માટેની બૂમ | – | હાંક |
| બોલવાનો મરોડ | – | લહેકો |
| ભૂખથી વ્યાકુળ | – | ક્ષુધાતુર |
| ભવિષ્ય જાણનાર | – | ભવિષ્યવેત્તા |
| ભવિષ્યની આગાહી કરનાર વાણી | – | ભવિષ્યવાણી |
| ભળી જાય નહિ એવું માણસ | – | અતડું |
| ભાગ વહેંચ્યા ન હોય તેવું, ભેગું | – | સહિયારું |
| ભાવતાલ કે વજન કર્યા વિના એમનું એમ આપેલું | – | ઊધડ |
| ભાંગના ઘી માં મસાલા ભેળવી તૈયાર કરેલું માદક દ્રવ્ય | – | યાકૂતી |
| ભિક્ષા માંગીને મેળવેલું અન્ન | – | ભિક્ષાન્ન |
| ભીંતનું વરસાદ સામે રક્ષણ કરવા સાંઠીથી ગૂંથેલી આડશ | – | ત્રાટું |
| ભૂત અને ભવિષ્ય જોઈ શકનાર | – | ક્રાંતદર્શી |
| ભૂત–પ્રેતના વર્તન જેવું, અજુગતું ચમત્કાર ભરેલું | – | ચળીતર |
| ભૂતપ્રેતની અસર કાઢવા માટે માથેથી ઉતારેલું હોય તે | – | ઉતાર |
| ભેંસોનું ટોળું | – | ખાડું |
| ભોજનના આરંભમાં પીરસતો થોડો ભાત / ભોજનને આરંભે અને અંતે આચમન કરવું તે | – | અપૂ (પો)શણ |
| મસ્તક પર થતી જલધારા | – | અભિષેક |
| મકાનનું દરવાજાવાળું આંગણું, ઊંચો દરવાજો | – | ડેલી |
| મકાનની થાંભલી | – | કુંભી |
| મરણ પાછળ ક્રિયા કરાવવી, શ્રાદ્ધ કરવું | – | સરાવવું |
| મનથી ઇચ્છેલું | – | મનવાંછિત |
| મનોકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય | – | કામધેનુ |
| મન–વાણી અને કર્મથી પણ કોઈ હિંસા ન કરવાની વૃત્તિ | – | અહિંસા |
| મરણ પાછળ રોવું | – | કાણ |
| મનની મોટા પ્રમાણની ઉદાસીનતા | – | શોક |
| મનોમન હવાઈ કિલ્લા રચનાર | – | શેખચલ્લી |
| મરણની તિથિ કે તેની ઉજવણી | – | પુણ્યતિથિ |
| મજબૂત અને ટકાઉ નહિ હોય એવું | – | તકલાદી |
| મર્મ ગ્રહણ કરનારું | – | મર્મગ્રાહી |
| મરવાની અણી ઉપર આવેલું | – | મૃતપ્રાય |
| મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા | – | વરશી |
| મદ્રાસનું કાપડનું માથાબંધન | – | મધરાસિયું |
| મનને –હૈયાને સાંત્વન આપવું તે | – | હૈયાધારણ |
| મહાન વ્યક્તિની નિકટમાં રહેનાર | – | અંતેવાસી |
| મળેલી તકનો સ્વાર્થ માટે ઉપયોગ કરનાર | – | તકસાધુ, તકવાદી |

| | | |
|---|---|---|
| મનમાં ચાલતું મંથન | – | મનોમંથન |
| મકાનમાં અજવાળા માટે મૂકેલી નાની બારી | – | જાળિયું |
| મનોભાવ દર્શક હલનચલન કે મુદ્રા | – | અભિનય |
| મંગળ પ્રસંગે કોઈને વધાવવા વપરાતા અણીશુદ્ધ દાણા | – | અક્ષત |
| માટીની ભીંતનું ઘર | – | ખોરડું |
| માછલા પકડવાનો આંકડો | – | ગલ |
| માનવનું ભક્ષણ કરનાર | – | માનવભક્ષી |
| માણસની અવરજવર વિનાનું | – | વિજન , વેરાન , નિર્જન |
| માથે બાંધવાનું લૂગડું | – | માથાબંધણું |
| માથાદીઠ લેવાતો કર | – | મૂંડકાવેરો |
| માથે ચઢાવવા યોગ્ય | – | શિરોમાન્ય , શિરોધાર્ય |
| માલ પરદેશ મોકલવો તે | – | નિકાસ |
| માટીની કે સિમેન્ટની બનાવેલી છાજલી કે ઓટલી | – | પેઢલી |
| માત્ર સપાટીને અડકીને પસાર થઈ જતું | – | અછડતું |
| માપી ન શકાય એવું | – | અપરિમેય |
| મીઠું પકવવાની જમીન કે ક્યારી | – | અગર |
| મુશ્કેલીથી તૂટે, ફાટે કે ચવાય જેવું | – | ચવડ |
| મુખ્ય કથામાં આવતી નાની કથા | – | ઉપકથા |
| મુખ્ય કરીને સ્થાપ્યા હોય તે દેવ | – | અધિષ્ઠાતા |
| મૂલ્ય આપ્યા વિના જોવા લીધેલો માલ | – | જાંગડ |
| મૂકેલાં નાણાંમાંથી પાછું લેવું તે | – | ઉપાડ |
| મૃતદેહને જમીનમાં ખાડો ખોદી દાટવો તે | – | દફન |
| મૃતદેહને જમીનમાં ખાડો ખોદી તેના પર કરેલું ચણતર | – | કબર |
| મૃત્યુને જીતનાર | – | મૃત્યુંજય |
| મૃત્યુ નિશ્ચિત છે તેવો લોક | – | મૃત્યુલોક , મર્ત્યલોક |
| મૃત્યુ અગાઉ વારસા અંગે લખાયેલું ખતપત્ર | – | વસીયતનામું |
| મેળવવું મુશ્કેલ હોય એવું | – | દુર્લભ |
| મોટો પ્રતાપી માણસ | – | માંધાતા |
| મોટું જૂનું લાકડું , ઝાડનું થડિયું | – | ખોડ |
| મોટો જાડો રોટલો | – | બઢો |
| મોટાં મહેલ મકાન વગેરેના પ્રવેશદ્વારની ચોકી | – | દોઢી |
| મોતીઓનું તોરણ | – | મુક્તાતોરણ , મોક્તિકતોરણ |
| મોહથી અંધ બનેલું | – | મોહાંધ |
| યજ્ઞમાં હોમવાનું લાકડું | – | સમિધ |
| યથાર્થ જ્ઞાનનું સાધન | – | પ્રમાણ |
| યોગ્યતાની કદરમાં મળતી ભેટ | – | ઈનામ |
| યુદ્ધ કરવાની ઈચ્છા | – | યુયુત્સા |

| | | |
|---|---|---|
| યુદ્ધ પૂરું થયા પછીનું | – | યુદ્ધોત્તર |
| યુદ્ધમાં પ્રાણ અર્પણ કરનાર | – | શહીદ |
| રસોઈ કરતી કે જમતી વખતે પહેરવાનું રેશમી વસ્ત્ર | – | અબોટિયું |
| રસ્તામાં સંભાળ રાખનાર | – | વળાવિયો |
| રહી રહીને પડતું વરસાદનું ઝાપટું | – | સરવડું |
| રજાનો લેખિત હુકમ | – | પરવાનો |
| રસોઈ કરતી કે જમતી વખતે પહેરવાનું રેશમી વસ્ત્ર | – | આબોટિયું |
| રસોઈ અને જમવાની જગાને છાણમાટીથી લીંપવી તે | – | અબોટ |
| રત્નોના ભંડારરૂપ સાગર | – | રત્નાકર |
| રાજ્યની ખટપટોમાં રચ્યો પચ્યો રહેનાર | – | મુત્સદ્દી |
| રાજસત્તાની ફેરબદલી | – | રાજક્રાંતિ |
| રાગ કે આસકિતનો અભાવ | – | વિરકિત |
| રાજદ્વારી પુરુષ | – | મુત્સદ્દી |
| રીસાઈને અમુકની સાથે ન બોલવું તે | – | અબોલા |
| રુદ્રાક્ષની માળા | – | બેરખાં |
| રેશમી દોરાથી કરેલું ભરતકામ | – | હીરભરત |
| રોજનું કામકાજ | – | દિનચર્યા |
| રોગના મૂળ કારણોની તપાસ | – | નિદાન |
| રોટલી વણવા માટે જોઈતો કોરો લોટ | – | અટામણ |
| રૂ પીંજવાનું કામ કરનાશ | – | પીંજારો |
| રૂંવાડા ઊભા કરી દે તેવું | – | રોમાંચક |
| રૂપિયા ભરવાની સાંકડી લાંબી કોથળી | – | વાંસણી |
| લગ્ન વગેરે પ્રસંગે મેણાં મારતાં ગીતો | – | ફટાણાં |
| લખવાનું કામ કરનારો માણસ | – | લહિયો |
| લગ્નવિધિ કરવાનો મંડપ | – | માંહ્યરું |
| લાકડું કોરી ખાતું જંતુ | – | ઊધઈ |
| લાલાશ પડતા પીળા રંગનું | – | પિંગલ |
| લાગતા–વળગતાની જાણ માટે પ્રસિદ્ધકરાતો પત્ર | – | પરિપત્ર |
| લાભ વગરની ફોગટ મહેનત | – | ગધ્ધાવૈતરું |
| લાંબી આવરદાવાળું | – | ચિરંજીવ |
| લાંબો સમય ટકી રહે તેવું | – | ચિરસ્થાયી |
| લૂગડાનો ટૂંકો કટકો, માથે–કમરે બાંધવાનો લૂગડાનો કટકો | – | પટકો |
| લેખકે ધારણ કરેલું બીજું નામ | – | ઉપનામ, તખલ્લુસ |
| લોખંડનું જમીન ખોદવાનું ઓજાર | – | કોશ |
| લોઢાનું બાણ | – | નારાચ |
| લોકોમાં ચાલતો વ્યવહાર કે રૂઢિ | – | લોકાચાર |
| વહાણના સઢનો થાંભલો | – | કૂવાથંભ |

| | | |
|---|---|---|
| વહેલી સવારનો સમય | – | મોંસૂઝણું |
| વનની સંપત્તિ | – | વનસંપદા |
| વહાલ–હેતનો ઊભરો | – | ઉમળકો |
| વણાટ વખતે તાણેલા લાંબા આડા તાર | – | વાણા |
| વશ કરવાની શકિત | – | વશિત્ય |
| વડની ડાળમાંથી ફૂટીને લટકતું મૂળ | – | વડવાઈ |
| વરકન્યાને વધાવવાની ક્રિયા | – | પોંખવું |
| વસ્તુનિર્દેશવાળો નાટકનો પ્રારંભનો શ્લોક | – | નાન્દી |
| વસ્તુનો ઝીણો, ભોંકાય એવો છેડો | – | અણી |
| વસ્તુનો સારો માઠો પ્રભાવ કે છાપ પડે તે | – | અસર |
| વહાણમાં હિસાબ રાખનાર/વહાણને દોરનાર | – | માલમ |
| વહેતા પાણીમાં કુંડાળુ | – | વમળ |
| વંશનો નાશ કરનારું | – | નખ્ખોદિયું |
| વંશ આધારિત ઓળખ કરનાર | – | નૃવંશશાસ્ત્રી |
| વાદળની ગર્જના | – | ઘનગર્જન |
| વાઢકાપ કરવાનું હથિયાર | – | નસ્તર |
| વાદળાંઓની માળા | – | અભ્રમાળ |
| વાડમાંથી જવા આવવાનું કરેલું બાકું કે માર્ગ | – | છીંડું |
| વારંવાર ફરી જોયેલું | – | અભ્યસ્ત |
| વાર્ષિક મરણતિથિ | – | સંવત્સરી |
| વાંસની છીંછરી ટોપલી | – | છાબ |
| વિપત્તિરૂપ વજ્રનો પ્રહાર | – | વિપદ્વજ્રપ્રહાર |
| વિષયની વ્યકિતનિષ્ઠ સમજ | – | અભિગમ |
| વિશ્વાસ મૂકવા યોગ્ય વચન | – | આપ્તવાણી |
| વૃક્ષની ડાળી | – | તરુવિટપ |
| વૃક્ષોની લાંબી હાર કે જંગલનો લાંબો પ્રદેશ | – | વનરાજી, વનરાઈ |
| વેતન લીધા વિના કામ કરવું | – | માનદ્સેવા |
| વેપાર ધંધા વગેરેમાં રકમ લઈને કામ કરનાર વ્યકિત | – | દલાલ |
| વેદોનો અંતિમ ભાગ | – | વેદાંત |
| વ્યાજે નાણાંની આપ–લે કરવી | – | ધીરધાર |
| વિદ્યા કે વિદ્વાનોના મંડળનું ધામ | – | અકાદમી |
| શબને ઓઢાડવાનું લૂગડું | – | કફન , ખાપણ |
| શરીરે મોટું પણ અક્કલમાં ઓછું | – | જડસુ |
| શણનો મોટો થેલો | – | કોથળો |
| શબ્દની મૂળ ઉત્પત્તિ | – | વ્યુત્પત્તિ |
| શબ્દને આધારે ધાર્યું બાણ મારનાર | – | શબ્દવેધી |
| શબ્દોથી વર્ણવી ન કશાય તેવું | – | શબ્દાતીત |

| | | |
|---|---|---|
| શરીરનો રંગ બદલાઈ જવો | – | વૈવર્ણ્ય |
| શરીરના ત્રણ વળાંક | – | ત્રિભંગ |
| શબ્દોના વધુ પડતા ઉપયોગવાળું | – | શબ્દાળુ |
| (લાગણીથી) શરીર પરના રૂંવાંટાં ઊભાં થઈ જવા તે | – | રોમાંચ |
| શારીરિક રીતે સશક્ત | – | ખડતલ |
| શાકભાજી વેચવાવાળો | – | કાછિયો |
| શાસ્ત્ર કે વિજ્ઞાનની સાંકેતિક ભાષા (સંજ્ઞા) | – | પરિભાષા |
| શાસ્ત્રમાં જેને ખાવાનો નિષેધ છે એવું | – | અભક્ષ્ય |
| શિવને અર્પણ થયેલું હોય તે | – | શિવ નિર્માલ્ય |
| શુભપ્રસંગે ભેટની વહેંચણી | – | લહાણી |
| શુભ સમાચાર આપતો પત્ર | – | કંકોત્રી |
| શું કરવું તે કશું સૂઝે નહિ તેવી અવસ્થા | – | કિંકર્તવ્યમૂઢ |
| શેકેલો અનાજનો લોટ | – | સત્તુ , સાથવો |
| શેરી, વાડા વગેરેનો દરવાજો , ગામની ભાગોળ | – | ઝાંપો |
| શ્રદ્ધા રાખવા યોગ્ય | – | શ્રદ્ધેય |
| સર્પોનાં બગીચા | – | સર્પોદ્યાન |
| સરળતાથી પૈસા કમાવવાની કળા | – | કીમિયો |
| સગા સંબંધીના જન્મ–મરણ પ્રસંગે પાળવામાં આવતી આભડ છેટ | – | સૂતક |
| સહન ન થઈ શકે તેવું | – | અસહ્ય |
| સમુદ્રનાં પાણી | – | જલધિજલ |
| સવારનો નાસ્તો | – | શિરાવવું , શિરામણ |
| સહેલાઈથી મળે એવું | – | સુલભ |
| સમુદ્રમાં લાગતો અગ્નિ | – | વડવાનલ |
| સરકારી કાગળિયાનો થેલો | – | ખરીતો |
| સરખી ઉંમરના | – | સમવયસ્ક |
| સતત ઊંડો અભ્યાસ | – | અનુશીલન |
| સમાન ગુણ લક્ષણ હોવાપણું | – | પ્રતિરૂપ |
| સરાણ પર ધાર કાઢનાર | – | સરાણિયો |
| સમુદ્રમાંથી ડૂબકી મારી મોતી કાઢનાર | – | મરજીવો |
| સમજવું કે મુશ્કેલ પડે તેવું | – | દુર્બોધ |
| સમગ્ર વિશ્વનું પોષણ કરનાર | – | વિશ્વભંર |
| સમુદ્રમાં રહેલો અગ્નિ | – | વડવાગ્નિ , વડવાનલ |
| સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઈ જવી | – | હાહાકાર |
| સતત વરસતો વરસાદ | – | હેલી |
| સવારમાં સ્તુતિનાં ગાન કરી રાજાને ઉઠાડનાર | – | વૈતાલિક |
| સમજ્યા વગર ખોટી આસ્થા હોવી તે | – | અંધશ્રદ્ધા |
| સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતા નાણાં | – | તગાવી |

| | | |
|---|---|---|
| સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ | – | આચાર્યપ્રવર |
| સર્વને માન્ય એવો મત કે અભિપ્રાય હોવો તે | – | એકવાક્યતા , સર્વસંમતી |
| સંતાન ન થતું હોય તેવી સ્ત્રી | – | વાંઝણી |
| સંસાર પરની આસક્તિનો અભાવ | – | વૈરાગ્ય , વિરક્તિ |
| સંગ્રહ ન કરવો તે | – | અપરિગ્રહ |
| સંકટ સમયે દૂર રહેનાર મિત્ર | – | તાળી મિત્ર |
| સંકેત પ્રમાણે પતિને મળવા જતી સ્ત્રી | – | અભિસારિકા |
| સુંદર સુકોમળ સપ્રમાણ દેહ | – | દેહયષ્ટિ |
| સંકેત મુજબ પ્રેમીઓનું મિલન | – | અભિસાર |
| સુંદર નાની ડાળી | – | વિશાખા |
| સંસારના મોહમાયામાંથી મુક્તિ | – | વૈરાગ્ય |
| સારી રીતે સંસ્કાર પામેલું | – | સુસંસ્કૃત |
| સાથે મળીને કામ કરતો માનવસમૂહ | – | સંગઠન |
| સારા નરસાને પારખનારી શક્તિ | – | વિવેકબુદ્ધિ |
| સારરૂપે આટોપી લેવું | – | ઉપસંહાર |
| સારું ન થઈ શકે એવું | – | અસાધ્ય |
| સામાયિકના પૂંઠાંનું મુખ્ય પાનું | – | મુખપૃષ્ઠ |
| સામાન્ય નિયમમાં બાધ કરવો તે / સામાન્ય નિયમ બહાર રાખવું | – | અપવાદ |
| સાતમા માસે થતી અઘરણીના મંગલપ્રસંગની ઉજવણી | – | અઘય(ર)ણી , સીમંત |
| સાચવી રાખવા સોંપેલી વસ્તુ | – | અનામત |
| સાઠ વર્ષે ઊજવાતો ઉત્સવ | – | હીરક મહોત્સવ |
| સામી વ્યક્તિનો ભાવ કે લાગણી સમજી શકે એવું | – | સહૃદય |
| સાંબેલા જેવી ધાર | – | મુશળધાર |
| સારું કરવા ઉપાય, સારવાર, ઓસડવેસડ ઈ. કરવાં તે | – | ઉપચાર |
| સાંકડા મોંનું પાણી ભરવાનું વાસણ | – | ગાગર , ઘડો |
| સાંકડો પગરસ્તો | – | કેડી |
| સાંકડી ગલી, સાંકડો રસ્તો | – | નેળિયું |
| સાંજના સમયે નીકળતું સરઘસ | – | સાયંફેરી |
| સાંજનું ભોજન | – | વાળું |
| સાંકેતિક ચિત્રોની બનેલી લિપિ | – | ચિત્રલિપિ |
| સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર, બરેક | – | બરાક |
| સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર | – | સૂબેદાર |
| સૂકાં ઘાસના પૂળાનું ખડકલું | – | ઓઘલી |
| સૂકું ઘાસ સંકોરવા માટે વપરાતું ઓજાર | – | પંજેડી |
| સોપારી ઘાટનું ભૂભરીના ઝૂમખાવાળું કાનનું ઘરેણું | – | અકોટાં |
| સો વર્ષ પૂરાં થયે ઉજવાતો ઉત્સવ | – | શતાબ્દી |
| સોંપેલા કામમાં ઓછું કરવાની વૃત્તિવાળું | – | કામચોર |

| | | |
|---|---|---|
| સૌભાગ્યવતી સ્ત્રી | – | સધવા, સુહાગણ |
| સૌથી ચડિયાતું, સૌનું ઉપરી | – | સર્વોપરી |
| સ્તુતિ કરવા યોગ્ય | – | સ્તુત્ય |
| સ્ત્રીઓની સર્વસાધારણ સાડી, ઊંચી જાતનું સુંદર વસ્ત્ર | – | પટકૂળ |
| સ્ત્રીઓના પગના અંગૂઠાનું ઘરેણું | – | અણવટ |
| સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર | – | પોલકું |
| સ્ત્રીને પહેલો વહેલો ગર્ભ રહેવો તે | – | અઘય(ર)ણી |
| સ્ત્રીઓનું કાનનું ઘરેણું | – | લોળિયું |
| સ્ત્રીના મરણ સુધી પતિ જીવતો હોય તેવું સૌભાગ્ય | – | અખંડસૌભાગ્ય |
| સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી | – | વૈખરી |
| સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ | – | પારસમણિ |
| સ્મરણમાં કે સ્મૃતિમાં રહે તેવું | – | અવિસ્મરણીય |
| સ્વરની પાછળ ઉચ્ચારાતો અનુસાસિક વર્ણ | – | અનુસ્વાર |
| સ્વાગત માટે સામા જવું તે | – | સામૈયું |
| સ્વાદ વિનાનું ખાવાનું વ્રત | – | અસ્વાદવ્રત |
| સ્વાર્થ માટે કરેલા હદ બહારનાં વખાણ | – | ખુશામત |
| હથેલીમાં રહેલી લીટીઓ | – | હસ્તરેખા |
| હાથમાં રાખી મારવાનું હથિયાર | – | શસ્ત્ર |
| હવાની લહેરનો મંદ અવાજ | – | સરસરાહટ |
| હળદર, મરચું, મીઠું વગેરે મસાલા | – | હવેજ |
| હાથીનું ટોળું | – | ગજયુથ |
| હાથનું ઘરેણું | – | બાજુબંધ |
| હાથીને હંકનાર | – | મહાવત |
| હાથીને હાંકવાનું કે કાબૂમાં રાખવાનું સાધન | – | અંકુશ |
| હાથીના માથા ઉપર બે બાજુ ઉપસી આવેલો ભાગ | – | ગંડસ્થળ |
| હાથે લખાયેલું | – | હસ્તલિખિત |
| હિન્દુ મહિનાના બંને પખવાડિયાની પહેલી તિથિ | – | પડવો |
| હું ચઢિયાતો છું એવો મનોભાવ | – | ગુરુતાગ્રંથિ |
| હું ઊતરતો છું એવો મનોભાવ | – | લઘુતાગ્રંથિ |
| હોઠમાં આછું હાસ્ય | – | સ્મિત |
| હોય તેનાથી ઊલટું જ સમજવું તે | – | વિપર્યાસ |
| હૃદય ચીરી નાંખે તેવું | – | હૃદયવિદારક |
| લાકડાં વહેરવાનું એક ઓજાર | – | કરવત |